પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૬ | ૧૮ જાન્યુઆરી, ૨૦૨૨, મંગળવાર; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અબુધાબીના એરપોર્ટ પર ડ્રોન હુમલો

**બે ભારતીય સહિત ૩નાં મોત : સંયુક્ત અરબ અમિરાતમાં બે મોટા વિસ્ફોટ : ત્રણ ઈંધણ ટેન્કરોમાં વિસ્ફોટ, યમનના હૂતી વિદ્રોહીઓએ આ હુમલાની જવાબદારી લીધી, હૂતી વિદ્રોહીઓનું દુશ્મન સાઉદી અરબને માનવામાં આવે છે**



અબુધાબી, તા.૧૭

સંયુક્ત અબર અમીરાત માટે આજનો દિવસ ધમાકા ભર્યો રહ્યો, જેમાં દેશના એક મુખ્ય આંતરરાષ્ટ્રી એરપોર્ટને નિશાન બનાવવામાં આવ્યું છે. યૂએઈની રાજધાની અબુધાબીના મુખ્ય એરપોર્ટ પર સોમવારે આગ લાગી ગઈ અને ત્રણ ઈંધણ ટેક્રરોમાં વિસ્ફોટ થયો. અબુધાબી પોલીસે તેના માટે ડ્રોન હુમલાને જવાબદાર ઠેરવ્યો છે. આ યૂએઈના લક્ષ્ય વિરુદ્ધ એક ખુબ અસામાન્ય હુમલો છે. યમનના હૂતી વિદ્રોહીઓએ આ હુમલાની જવાબદારી લીધી છે. આ દુર્ઘટનામાં બે ભારતીય સહિત ત્રણ લોકોના મોતના સમાચાર પણ મળી રહ્યાં છે. સંયુક્ત અરબ અમીરાતની સરકારી ડબ્લ્યૂએએમ સમાચાર એજન્સીએ જણાવ્યું કે, શરૂઆતી તપાસના સંકેત જણાવે છે કે તે નાની ઉડનારી વસ્તુઓ હતી, સંભવતઃ ડ્રોન. તે અબુધાબીના બંને ક્ષેત્રોમાં પડ્યા અને વિસ્ફોટકોને અંજામ આપવામાં આવ્યો. આ હુમલામાં શરૂઆતના તબક્કે કોઈના ઘાયલ કે મોતના સમાચાર આવ્યા નહતા પણ પછીથી ખુવારીના અહેવાલ આવ્યા છે. હૂતી વિદ્રોહીઓનું સૌથી મોટુ દુશ્મન સાઉદી અરબને માનવામાં આવે છે, કારણ કે તે તેના

● અનુસંધાન પાન-૬ પર

## માર્ચમાં ૧૨થી ૧૫ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ થઈ શકે

**રાહતના સમાચાર : નેશનલ ટેક્નિકલ એડવાઇઝરી ગ્રુપ ઓન ઇમ્યૂનાઇઝેશનની મહત્વપૂર્ણ બેઠકમાં જલદી નિર્ણય લેવામાં આવી શકે છે**

નવી દિલ્હી, તા.૧૭

કોરોનાના સતત વધી રહેલા કેસ વચ્ચે એક રાહતના સમાચાર આવ્યા છે. દેશમાં ૧૫થી ૧૮ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ થઈ ગયું છે અને હવે માર્ચ સુધીમાં ૧૨થી ૧૫ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ થઈ શકે છે. તેને લઈને નેતાજી એટલે કે નેશનલ ટેક્નિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યૂનાઈઝેશનની બેઠકમાં જલદી નિર્ણય લેવામાં આવી શકે છે.



માર્ચ સુધી ૧૫થી ૧૮ વર્ષના બાળકોનું રસીકરણ પૂરુ થવાની આશા છે, ત્યારબાદ ૧૨થી ૧૫ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ કરવામાં આવશે. તે માટે વેક્સીન પણ ઉપલબ્ધ છે. ૧૨થી ૧૫ વર્ષના બાળકોની કોરોના વેક્સિન માટે ડીસીએફઆઈ એટલે કે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મળી ગઈ છે. ભારત બાયોટેકની કોવેક્સીન ૧૨થી ૧૫ વર્ષના ઉંમરવર્ગને આપી શકાય છે. અત્યારે ૧૫થી ૧૮ ઉંમર વર્ગને આ રસી આપવામાં આવી રહી છે. કોવિડ ટાસ્ટ ફોર્સના અધ્યક્ષ ડો. એન કે અરોડાએ સોમવારે કહ્યુ કે ૧૫-૧૮ વર્ષ વર્ગમાં અંદાજિત ૭.૪ કરોડ (૭,૪૦,૫૭,૦૦૦) માંથી ૩.૪૫ કરોડથી વધુને અત્યાર સુધી વેક્સીનનો પ્રથમ ડોઝ આપવામાં આવી ચુક્યો છે અને ૨૮ દિવસ બાદ બીજો ડોઝ આપવાનો છે.

## બળજબરીથી કોઈનું રસીકરણ નહીં : સુપ્રીમમાં સરકાર

**Vaccine certificate પણ નથી આવશ્યક : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં કોઈ વ્યક્તિની સંમતિ વિના બળજબરીથી રસીકરણ કરવાની વાત કરવામાં આવી નથી**

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોના વાયરસ સામે શરૂ કરવામાં આવેલી રસીકરણ ઝુંબેશને ૧૬ જાન્યુઆરીએ એક વર્ષ પૂર્ણ કર્યું છે. આ સમયગાળા દરમિયાન રસીના ૧૫૭ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી કોવિડ-૧૯ રસીકરણ માર્ગદર્શિકામાં કોઈ વ્યક્તિની સંમતિ વિના બળજબરીથી રસીકરણ કરવાની વાત કરવામાં આવી નથી. વિકલાંગ વ્યક્તિઓને રસીકરણ પ્રમાણપત્રો બતાવવાથી મુક્તિ આપવાના મુદ્દે કેન્દ્રએ કોર્ટને જણાવ્યું હતું કે, તેમણે કોઈ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) જારી કરી નથી જે કોઈ પણ હેતુ માટે રસીકરણ પ્રમાણપત્રો લઈ જવું ફરજિયાત બનાવે છે. કેન્દ્રએ એનજીઓ ઈવારા ફાઉન્ડેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં દાખલ કરેલા સોગંદનામામાં આ વાત કહી હતી. અરજીમાં વિકલાંગ વ્યક્તિઓને અગ્રતાના ધોરણે ઘરે-ઘરે જઈ

## હવે, પંજાબમાં ૨૦ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે : ચૂંટણી પંચ

**કોંગ્રેસ-ભાજપની માગણીનો ચૂંટણી પંચ દ્વારા સ્વિકાર**

ચંદિગઢ, તા.૧૭

પંજાબમાં વિધાનસભા ચૂંટણીની નવી તારીખ આવી ગઈ છે. હવે અહીંની તમામ ૧૧૭ વિધાનસભા બેઠકો પર ૨૦ ફેબ્રુઆરીએ મતદાન થશે. અગાઉ ચૂંટણી પંચે તારીખ લંબાવવાની માંગને લઈને કોંગ્રેસ, ભાજપ અને પંજાબ લોક કોંગ્રેસ સાથે બેઠક કરી હતી. બેઠકમાં ચૂંટણી પંચે કોંગ્રેસ અને અન્ય પક્ષોની માગણી પર સહમતિ દર્શાવી હતી. નોંધનીય છે કે, પહેલા પંજાબમાં મતદાનની તારીખ ૧૪ ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી હતી, પરંતુ ૧૬ ફેબ્રુઆરીએ રવિદાસ જયંતિને ટાંકીને રાજકીય પક્ષોએ ચૂંટણીને થોડા દિવસો માટે સ્થગિત કરવાની માંગ કરી હતી.

બે દિવસ પહેલા પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ ચૂંટણી પંચને પત્ર લખીને ચૂંટણીની તારીખ લંબાવવાની માંગ કરી હતી. તેમણે કમિશનને પત્ર લખ્યો કે ૧૬ ફેબ્રુઆરીએ શ્રી ગુરુ રવિદાસ જયંતિ છે. સીએમ ચન્નીએ વિનંતી કરી છે કે ચૂંટણીની તારીખો ૬ દિવસ માટે લંબાવવામાં આવે.

ચન્નીએ જણાવ્યું હતું કે આ દિવસે ઉત્તર પ્રદેશના વારાણસીમાં મોટી સંખ્યામાં લોકો ગુરુના જન્મસ્થળની મુલાકાત લે છે. આ કારણે ૧૪ ફેબ્રુઆરીએ મતદાન અને યુપીમાં ચૂંટણીને કારણે શ્રદ્ધાળુઓ માટે ત્યાં પહોંચવું મુશ્કેલ બનશે. તેથી ચૂંટણીની તારીખો ૬ દિવસ લંબાવવી જોઈએ.

## કથક સમ્રાટ બિરજુ મહારાજનું ૮૩ વર્ષની વયે દુઃખદ અવસાન

**મહારાજનું અસલી નામ બ્રિજમોહન મિશ્રા હતું, તેમનો જન્મ ૪ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ લખનૌમાં થયો હતો**

નવી દિલ્હી,તા.૧૭

પ્રસિદ્ધ કથક નૃત્યકાર પંડિત બિરજુ મહારાજનું અવસાન થયું છે. ૮૩ વર્ષની વયે બિરજુ મહારાજે અંતિમ શ્વાસ લીધા હતા. હાર્ટ



અટેકના કારણે દિલ્હી સ્થિત નિવાસ્થાને જ બિરજુ મહારાજનું નિધન થયું હતું. મીડિયા રિપોર્ટ મુજબ, રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ તેમનું અવસાન થયું છે. બિરજુ મહારાજના પરિવારે આ અંગે જાણકારી આપી હતી. પંડિત બિરજુ મહારાજનું અસલી નામ બ્રિજમોહન મિશ્રા હતું. તેમનો જન્મ ૪ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ લખનૌમાં થયો હતો. લખનૌ ઘરાના સાથે સંબંધ ધરાવતા બિરજુ મહારાજના નિધનના સમાચાર તેમના પૌત્ર સ્વરાંશ મિશ્રાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આપ્યા હતા. મીડિયા રિપોર્ટ અનુસાર, પરિવારના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, પંડિત બિરજુ મહારાજ રવિવારે રાત્રે લગભગ ૧૨ વાગ્યે પોતાના પૌત્ર-દોહિત્રી સાથે અંતાક્ષરી રમતા હતા. દરમિયાન અચાનક તેમની તબિયત ખરાબ થઈ અને તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને દિલ્હીની સાકેત હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અહેવાલ પ્રમાણે, બિરજુ મહારાજને થોડા દિવસ પહેલા જ કિડનીની બીમારી હોવાની જાણકારી મળી હતી. તેમનું ડાયાલિસિસ ચાલતું હતું પરંતુ રવિવારે મધરાત્રે એકાએક તેમની તબિયત બગડી અને દેહાંત થયું હતું. ૧૯૮૩માં પદ્મ વિભૂષણથી સન્માનિત બિરજુ મહારાજે બોલિવુડની કેટલીય ફિલ્મો માટે ડાન્સ કોરિયોગ્રાફ કર્યો હતો. આ ફિલ્મોમાં 'ઉમરાવ જાન', 'ડેઢ ઈશ્કિયા', 'બાજીરાવ મસ્તાની' વગેરેનો સમાવેશ થાય છે. પદ્મ વિભૂષણ ઉપરાંત તેમને સંગીત નાટક અકાદમી પુરસ્કાર અને કાલિદાસ સન્માન પણ પ્રાપ્ત થયું છે. ૨૦૧૨માં 'વિશ્વરૂપમ' ફિલ્મમાં ડાન્સ કોરિયોગ્રાફી માટે તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

## ઈન્દુ મલ્હોત્રાને તપાસ નહીં કરવા દેવા શીખ ફોર જસ્ટિસની ધમકી

**મોદીની સુરક્ષા મામલે તપાસ કરતા ભૂતપૂર્વ જસ્ટિસ મલ્હોત્રા સહિત કેટલાક વકીલોને ધમકી આપતી એક વોઈસ નોટ મોકલવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૧૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂક મામલે તપાસમાં સામેલ રિટાયર્ડ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાને ધમકી આપવામાં આવી છે. ખાલિસ્તાન અલગાવવાદીઓએ ઈન્દુ મલ્હોત્રાને ધમકી આપી છે.

શીખ ફોર જસ્ટિસએ કહ્યુ કે ઈન્દુ મલ્હોત્રાને પીએમ મોદીની સુરક્ષા મામલે સેંધમારીની તપાસ કરવા દઈશુ નહીં. ઈન્દુ મલ્હોત્રા વડાપ્રધાન સુરક્ષા મામલે સુપ્રીમ કોર્ટની તપાસ કમિટીની ચેરપર્સન છે.

પૂર્વ જસ્ટિસ મલ્હોત્રા સહિત કેટલાક વકીલોને એક વોઈસ નોટ મોકલવામાં આવી છે. આ વોઈસ નોટમાં કહેવામાં આવ્યુ છે કે સુપ્રીમ કોર્ટની પૂર્વ જજને અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂક મામલે તપાસ કરવા દઈશુ નહીં. પીએમ મોદી અને શીખમાંથી કોઈ એક પસંદ કરવુ પડશે. આગળ કહ્યુ કે અમે સુપ્રીમ કોર્ટના વકીલોની પણ યાદી બનાવી રહ્યા છીએ. અગાઉ પણ સુપ્રીમ કોર્ટના કેટલાક વકીલોને



આ મામલે ધમકીભર્યા ફોન આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના ૫૦થી વધારે વકીલોને ઈન્ટરનેશનલ નંબરથી કોલ કરીને દાવો કરવામાં આવ્યો હતો કે વડાપ્રધાનની સુરક્ષા ચૂક માટે તેઓ જવાબદાર છે. ફોન કરનારે શિખ ફોર જસ્ટિસ સાથે જોડાયેલા હોવાનો દાવો કર્યો. સુપ્રીમ કોર્ટના તમામ એઓઆર વકીલોને ફોન કર્યો હતો. એટલુ જ નહીં સંગઠને ફોન કરીને સુપ્રીમ કોર્ટે જજને પીએમ મોદીની સુરક્ષા ચૂક સાથે જોડાયેલી અરજી પર સુનાવણીથી દૂર રહેવા માટે પણ કહ્યુ હતુ.

## ઉત્તરાખંડના મહિલા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સરિતા આર્ય ભાજપમાં જોડાયા

**સરિતા આર્યની સાથે જ મહિલા પ્રદેશ ઉપાધ્યક્ષ રેખા બોરા ગુપ્તા અને વંદના ગુપ્તા પણ ભાજપમાં સામેલ થયા**



નવી દિલ્હી, તા.૧૭

ઉત્તરાખંડમાં ચૂંટણી પહેલા કોંગ્રેસને ભારે મોટો ઝાટકો વાગ્યો છે અને મહિલા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સરિતા આર્ય બાગી બનીને ભાજપમાં સામેલ થઈ ગયા છે. સરિતા આર્ય નૈનીતાલ બેઠક પરથી ૨૦૧૨માં ધારાસભ્ય રહી ચુક્યા છે અને આ બેઠક પરથી ટિકિટનો દાવો કરી રહ્યા હતા. પરંતુ યશપાલ આર્યના દીકરા સંજીવ આર્ય કોંગ્રેસમાં સામેલ થયા ત્યાર બાદ તેમની દાવેદારી નબળી પડી ગઈ હતી. આ કારણે તાજેતરમાં જ તેમણે કોંગ્રેસ હાઈકમાનને મહિલાઓને ટિકિટ ન આપવાને લઈ ઘેર્યું હતું.

સરિતા આર્ય ભાજપમાં સામેલ થઈ ગયા છે અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ મદન કૌશિકે દેહરાદૂન ખાતે તેમને પાર્ટીની સદસ્યતા અપાવી હતી. સરિતા આર્યની સાથે જ મહિલા પ્રદેશ ઉપાધ્યક્ષ રેખા બોરા ગુપ્તા અને વંદના ગુપ્તા પણ ભાજપમાં સામેલ થયા છે. આ ઘટના કોંગ્રેસ માટે મોટા આંચકારૂપ માનવામાં આવે છે.

## દેશમાં કેસ ઘટ્યા : છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૫૮,૦૮૯ નવા કેસ

**ઓમિક્રોન કેસ ૮ હજારને પાર : ભારતમાં ગઈકાલે એટલે કે રવિવાર સુધી કોરોના વાયરસ માટે ૧૩૧૩૪૪૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા**

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨ લાખ ૫૮ હજારથી વધુ કેસ નોંધાયા છે. હાલમાં દેશમાં કોરોનાના ૧૬ લાખથી વધુ સક્રિય કેસ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૨,૫૮,૦૮૯ નવા કેસ નોંધાયા છે અને ૧,૫૧,૭૪૦ રિકવરી થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૮૫ લોકોના મોત થયા છે. ભારતમાં કોરોનાના નવા પ્રકાર, ઓમિક્રોન કેસની વાત કરીએ તો ભારતમાં તેના કેસ વધીને ૮,૨૦૯ થઈ ગયા છે. ગઈકાલના આંકડાની સરખામણીએ તેમાં ૬.૦૨ ટકાનો વધારો થયો છે.

ટેસ્ટિંગની વાત કરીએ તો, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ અનુસાર, ભારતમાં ગઈકાલે એટલે કે રવિવાર સુધી કોરોના વાયરસ માટે ૧૩,૧૩,૪૪૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, ગઈકાલ સુધીમાં કુલ ૭૦,૩૭,૬૨,૨૮૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૫૭.૨૦ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. રવિવારે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ચેપના ૪૧,૩૨૭ નવા કેસ નોંધાયા હતા અને આ રોગથી વધુ ૨૯ દર્દીઓના મોત થયા હતા. રાજ્યના આરોગ્ય વિભાગે આ માહિતી આપી છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, શનિવારે રાજ્યમાં ચેપના ૪૨,૪૬૨ કેસ નોંધાયા હતા.

## સેનાની ત્રણેય પાંખ દ્વારા ફ્લાયપાસ્ટ યોજાશે

નવી દિલ્હી, તા.૧૭

ગણતંત્ર દિવસને લઈને સેનાની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. વાયુસેના, આર્મી અને નૌસેનાના ૭૫ વિમાનોનુ ગણતંત્ર દિવસ પરેડને લઈને રાજપથ પર થનાર અત્યાર સુધીનો સૌથી ભવ્ય ફ્લાયપાસ્ટ હશે. આની જાણકારી વાયુ સેના પ્રવક્તા વિંગ કમાન્ડર ઈન્દ્રનીલ નંદીએ કરી છે.

તેમણે જણાવ્યુ કે આઝાદીનો અમૃત મહોત્સવ સમારોહ અંતર્ગત ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ગણતંત્ર દિવસ પરેડના અવસરે રાજપથ પર પાંચ રાફેલ વિમાન કરતબ બતાવવાની સાથે પોતાની તાકાતનુ પ્રદર્શન કરશે.

આ સિવાય નૌસેનાના મિગ-૨૯કે અને પી-૮આઈ સર્વિલાંસ વિમાન ઉડાન ભરશે.

